# સેકટરોના એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાની યોજના હરિયાળી અને રસ્તા બન્ને ખોવાયા

## એપ્રોચ માર્ગને અનુલક્ષી સેકટરોના પ્રવેશદ્વાર પર માર્ગ વચાળે ડિવાઇડરના લીધે ટ્રાફિકની અવરજવર વધુ જટીલ બની : હરિયાળીનો સોથ વાળતા કોર્પોરેશનના સ્માર્ટ મિજાજ સામે નાગરિકો આગબબુલા

ગાંધીનગર તા ૨૫

શહેરના સેકટરોમાં આંતરિક માર્ગો પર વાહનોની અવરજવર વધતા સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવા માટે કોર્પોરેશને કામ હાથ ધર્યુ છે. હરિયાળીનો ભોગ લેતી આ યોજના સામે આમ નાગરિકોમાં પણ પ્રબળ રોષ પ્રવર્તયો છે. સેકટરોના એપ્રોચ માર્ગો કે રીંગ રોડના વાઈડનીંગમાં વર્ષો જુના વૃક્ષોની કટોતી કરી દેવાતા પ્રકૃતિ પ્રેમીઓ પણ તંત્રના આ સ્માર્ટ મિજાજ સામે આગ બબુલા બન્યા છે. બીજીતરફ સેકટરોમાં પ્રવેશવાના સાંકડા માર્ગોના વાઈડનીંગની સાથે વચાળે ડિવાઈડર મુકી દેવાતા ટ્રાફિકની અવરવજર વધુ મુશ્કેલન બની હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. અગાઉ વરસાદી પાણીના નિકાલની લાઈનનુ ખોદકામ હાથ ધરીને સેકટરોના માર્ગોની દશા ખરાબ કર્યા બાદ હવે એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવાની યોજના હાથ ધરાઈ છે જેના લીધે હાલ તો સેકટરવાસીઓ માટે પગેચાલીને જવાનુ પણ મુશ્કેલ બન્યુ છે.

શહેરના સેકટરોના એપ્રોચ



માર્ગોને ફોરટ્રેક કરવા માટે કોર્પોરેશનની ટીમ તાબડતોબ કામગીરી શરૂ કરી છે. સેકટરોના આંતરિક માર્ગો પર હવે ટ્રાફિકનુ પ્રમાણ વધ્યુ છે. જેના લીધે સેકટરોના એપ્રોચથી મુખ્યમાર્ગ પર અવરજવર કરતા વાહનોની સંખ્યા પણ વધી છે. જયારે આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી વધુ જોખમાઈ છે. આવા સંજોગોમાં મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણની વાતનો હજુ સુધી અમલ થતો નથી સેકટરોના ક્રોસ પોઈન્ટ પર મુખ્યમાર્ગો પર દોડતા વાહનોની ગતિ નિયંત્રણમાં આવે તે માટે પણ કોઈ આયોજન કરાયુ નથી શહેરમાં ટ્રાફિક સિગ્નલ જબુકતા થયા બાદ પણ મુખ્યમાર્ગો પર બેફામ દોડતા વાહનો નજરે પડે છે. બીજીતરફ સ્માર્ટ સીટીની યોજના અન્વયે નગરના રોડ નેટવર્કને પણ અપગ્રેડ કરવા માટે કોર્પોરેશનની ટીમે હાથ અજમાવ્યો છે. અગાઉ સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામ સંદર્ભે સેકટરોના માર્ગોને ગાબડા ગ્રસ્ત બનાવ્યા બાદ હવે સેકટરોના એપ્રોચ માર્ગોને ફંગોળવા માટે કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવા માટે અત્યાર સુધી સેંકડો વૃક્ષોની પણ કટોતી કરી દેવામાં આવી છે. જેના લીધે પર્યાવરણ પ્રેમીઓમાં પણ રોષ પ્રવર્તયો છે. સે-૨૨ માં માર્ગ વાઈડનીંગની કામગીરી દરમિયાન હરિયાળીનો સોથ વળતા પ્રકૃતિ પ્રેમીઓએ લડત આપી હરિયાળીના ભોગે થતા સ્માર્ટ વિકાસ મામલે તંત્રના કાન આમળ્યા હતા. જો કે હરિયાળીનુ નિકંદન વાળવાની યોજના હજુ જુદા જુદા સ્વરૂપે પુરબહારમાં ચાલી રહી છે. હાલ સેકટરોના એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવામાં આવી રહ્યા છે. જેના પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. બીજીતરફ એપ્રોચ માર્ગોને પહોળા કરવા માટે સેકટરોના પ્રવેશદ્વાર પાસે માર્ગ આસપાસ મોટા ખાડા કરી દેવાતા વાહનચાલકોની સલામતી પણ જોખમાઈ છે. જેને અનુલક્ષીને કોઈપણ પ્રકારની આડશ કે બેરિકેટસ પણ મુકવામાં આવતા નથી. સાંકડા માર્ગ વચાળે ડિવાઈડર ઉભુ કરી દેવાતા ટ્રાફિકની અવરજવર વધુ મુશ્કેલ અને જોખમી બનતી જોવા મળે છે. એપ્રોચ માર્ગોને ફોરટ્રેક કરવાનુ કામ પણ મંદ ગતિએ ચાલી રહ્યુ છે. જેના લીધે સ્થાનિકોએ ડગલે ને પગલે જોખમી સ્થિતિનો સામનો કરવો પડે છે. સેકટરોના એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવાની કામગીરીમાં આયોજનનો અભાવ વર્તાય છે. પ્લાનીંગ સામે પણ સામાન્ય નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે.

## સામ્રાજય ફાર્મમાં પ્રવિણ માણીયાની હત્યાનું રી-કન્સ્ટ્રકશન કરાયું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર હડમતીયા સામ્રાજય ફાર્મ હાઉસ ખાતે કોંગ્રેસના આગેવાન પ્રવિણ માણીયાની હત્યા પ્રકરણમાં પોલીસે પકડેલા બે આરોપીઓને સાથે રાખી સેકટર-૭ પોલીસ દ્વારા સામ્રાજય ફાર્મ હાઉસ તેમજ જયદિપસિંહની બોપલ ઓફિસ ખાતે ઘટનાનું રી-કન્સ્ટ્રકશન કરવામાં આવ્યું હતું. જયારે અમદાવાદ ખાતેથી પોલીસે રિવોલ્વર પણ કબ્જે લીધી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પ્રવિણ માણીયાની ગોળી મારી હત્યા કર્યા પછી જયદિપસિંહ અને તરૂણસિંહ સામ્રાજય ફાર્મમાંથી કેટલા વાગે નીકળ્યા હતા અને ક્યાં થઈને અમદાવાદ ખાતે પહોંચ્યા હતા. તે સમગ્ર ઘટનાનું રી-કન્સ્ટ્રકશન પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું. હત્યા બાદ મર્સિડીઝ કારમાં લઈને નાસી છુટ્યા બાદ કેટલા વાગે અમદાવાદ બોપલ પહોચ્યા હતા. જયારે બોપલ પોતાની ઓફિસ જઈને જયદિપસિંહે કેવી રીતે કારમાં રિવોલ્વર સંતાડીને મહારાષ્ટ્ર જવા માટે કપડા સહિતની વ્યવસ્થા કેવી રીતે ગોઠવી તેની એક પછી એક કડીઓ ગોઠવી પોલીસે રીવોલ્વર કબ્જે લીધી હતી. જયદિપસિંહને બોપલ ઉતારીને તરૂણસિંહ કયાં કયાં સંતાઈ ગયા હતા તે સહિતની માહિતી પોલીસે એકત્ર કરી હતી. હત્યા બાદ નાસી ગયેલા આરોપીઓને પોલીસે તરૂણસિંહને અમદાવાદ તેમજ જયદિપસિંહને લોનાવાલાના રીસોર્ટ ખાતે થી પકડી પાડ્યો હતો. આ હત્યા કેસની તપાસ કરતા સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ ડી.એસ.ચૌધરીએ બંન્ને આરોપીઓને સાથે રાખીને સામ્રાજય ફાર્મ હાઉસ ખાતે ખેલાયેલા ખુની ખેલનું રી-કન્સ્ટ્રકશન કરાયું હતું.

## આશ્કા હોસ્પિટલ ખાતે યોજાયેલ કેમ્પમાં ૨૦૦ નાગરિકો દ્વારા રક્તદાન

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતની અગ્રણી આશ્કા હોસ્પિટલ લિમિટેડ દ્વારા ગાંધીનગરની શ્રદ્ધાદિપ બલ્ડ બેંકનાં સહયોગથી દર મહિનાનાં ચોથા શનિવારે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવે છે. જેનાં ભાગરૂપે તા. ૨૫ સપ્ટેમ્બરને શનિવારે બલ્ડ ડોનેશન કેમ્પ યોજાયો હતો. જેમાં હોસ્પિટલના ચેરમેન બિપીનભાઈ શાહ સહિત ૨૦૦ સેવાભાવીઓએ રક્તદાન કર્યુ હતુ.

કોરોના મહામારી બાદ લોકોમાં રક્તદાન અંગે જાગૃતતા વધી રહી છે. જેને લઈને લોકો ઉત્સાહભેર રક્તદાન શિબિરમાં ભાગ લઈ રહ્યા છે. રક્તદાન અનેક રીતે લાભકારક હોય છે. રક્તદાન હૃદયને મજબૂત બનાવી કેન્સર જેવા જીવલેણ રોગોથી બચાવે છે. નિયમિત રક્તદાન કરવાથી કેન્સર અને અન્ય બીમારીઓ થવાનું જોખમ ઘટી જાય છે. ઉપરાંત રક્તદાન હૃદય માટે બહુ જ લાભકારક માનવામાં આવે છે. નિયમિત અંતરાલે રક્તદાન કરવાથી શરીરમાં આયરનની માત્રા સંતુલિત રહે છે. શરીરને સ્વસ્થ રાખવા માટે નવી રક્ત કોશિકાઓ બહુ મહત્વનો ભાગ ભજવે છે. સમયાંતરે રક્તદાન કરવાથી શરીરમાં જે નવું લોહી બને છે તે સ્વાસ્થ્ય માટે અત્યંત ફાયદાકારક હોય છે જેના કારણે શરીરમાં નવી રક્ત કોશિકાઓ બને છે એમ શ્રધ્ધાદીપ લેબોરેરીના ડાયરેકટર મહેન્દ્ર ગજ્જરે જણાવ્યુ હતુ.






ભારતીય જીવન વીમા નિગમ દ્વારા પથિકાશ્રમથી રિલાયન્સ ચોકડી સુધી ફીટ ઈન્ડિયા માર્ચ મેરેથોન દોડનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ દોડમાં મોટી સંખ્યામાં વસાહતીઓ અને એલઆઈસીના સભ્યો જોડાયા હતા.

## વાવોલમાં લઘુમતી સમાજ સાથે કોંગ્રેસે ચુંટણીલક્ષી બેઠક યોજી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીમાં વાવોલ વોર્ડ નંબર-૭ ખાતે કોંગ્રેસનીની પેનલને વિજયી બનાવવાના નિર્ધાર સાથે ઉમેદવારો દ્વારા આજે લઘુમતી સમાજના અગ્રણીઓ સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કોંગ્રેસના પ્રદેશ પ્રભારી જયરાજસિંહ પરમાર, ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ડૉ. સી જે ચાવડા, માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, ભાવનગર પ્રભારી અજીતસિંહ વાઘેલા, માણસા તાલુકા પ્રમુખ ગીરવતસિંહ ચાવડા, વાવોલના અગ્રણી અમરસિંહ ગોલ, કોંગ્રેસના શહેર યુવા મહામંત્રી રાજદિપસિંહ બિહોલા સહિત વોર્ડ નં.૭ના ઉમેદવારો દેવેન્દ્રસિંહ ગોલ, ઉષાબેન પટેલ, ગીતાબેન વાઘેલા અને અમરતજી ઠાકોર ઉપસ્થિત રહ્યાં હતા. બેઠકમાં વાવોલના મુસ્લિમ સમાજના ભાઈઓ, બહેનો તથા યુવાઓએ પણ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને તેમના સ્થાનિક પ્રશ્નો અંગે ચર્ચા કરીને જવાબ મેળવ્યાં હતા અને અંતમા તેઓ કોંગ્રેસની સાથે હોવાનો ભરોસો નેતાઓ તથા ઉમેદવારોને અપાવ્યો હતો.

## લાયન્સ મેડીકલ સાધન સેવા કેન્દ્ર સેકટર-૨ દ્વારા ટીબીના ૧૦ દર્દીને આહારની કીટ અપાઈ

ગાંધીનગર, તા.૨૫

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૨૫માં ટીબીને સમગ્ર ભારત દેશમાંથી નાબુદ કરવા માટે આહ્વાન કર્યું છે. ત્યારે ગુજરાત સરકાર દ્વારાવર્ષ ૨૦૨૨માં ટીબીના રોગને નાબુદ કરવાનું નક્કી કર્યું છે. ટીબીના દર્દીઓને દવાની સાથે પોષણયુકત આહાર મળી રહે તે જરુરી છે. જેને પગલે ગાંધીનગરના લાયન્સ મેડીકલ સાધન સેવા કેન્દ્ર સેકટર-૨ ખાતે ચાલતી સંસ્થાએ ટીબીના ૧૦ દર્દીઓને પોષ્ટિક આહારની અનાજની કીટ તૈયાર કરીને વિતરણ કરવામાં આવી હતી.આ કીટ તમામ દર્દીઓને દર માસે આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં હાજર દર્દીઓને અને સંસ્થાના તમામ નાગરીકોને જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીના રોગ વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.તે ઉપરાંત દર્દીઓને પોતાના સ્વાસ્થયની કાળજી માટે કંઈ કંઈ સારસંભાળ રાખવી તેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં હાલમાં સરકાર દ્વારા ચાલતા રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ દ્વારા ટીબીને નાબુદ કરવા સરકાર દ્વારા ટીબીના દર્દીને મળતી સમાજીક સહાય, મફત નિદાન, મફત દવાઓ, દવાની આડ અસરો, ટીબીના લક્ષણો વિશેની માહિતી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના ટ્રસ્ટીઓનો ખુબ જ સારો સહયોગ મળ્યો છે. જો કોઈ આવા જરુરીયાતમંદ ગરીબ દર્દીઓને પોષણયુક્ત આહારની કીટ આપવા માંગતા હોય તો જિલ્લા ક્ષય કેન્દ્ર જી-૨ પ્રથમમાળ સિવિલ હોસ્પિટલ ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.



પંડિત દીનદયાળજીની જન્મજયંતિએ ભુપેન્દ્રભાઈ પટેલની ભાવસભર અંજલિ

મુખ્યમંત્રીશ્રીએ આજે અમદાવાદમાં મણિનગર ખાતે પંડિત દિનદયાળજીની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ અવસરે અમદાવાદના મેયર શ્રી કિરીટભાઈ પરમાર મણિનગરના ધારાસભ્ય શ્રી સુરેશભાઈ પટેલ અમદાવાદ મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશ બારોટ, શહેર ભાજપ પ્રમુખ શ્રી અમિતભાઈ શાહ મ્યુનીસીપલ કાઉન્સિલરો અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા .

### ડામર પેઈન્ટીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માર્ગોને વધુ નુકશાન ન થાય તે માટે કેટલાક ઠેકાણે ડામરનુ પેઈન્ટીંગ કરવા માટે તંત્ર કામે લાગ્યુ છે. શહેરના સેકટરોમાં આંતરિક માર્ગો સહીત મુખ્યમાર્ગો પણ ખરબચડા બન્યા છે. જયારે આગામી દિવસોમાં મુખ્યમાર્ગોના રીસરફેસીંગનુ પણ કામ હાથ ધરાશે.

પરંતુ વરસાદનુ ટપકતુ પાણી માર્ગોમાં ન ઉતરે તે માટે તંત્ર દ્વારા માર્ગોને થતી નુકસાની અટકાવવા માટે માર્ગોનુ અસ્તિત્વ વધુ મજબુત બને તે માટે પેઈન્ટીંગ કરવામાં આવી રહ્યુ છે. હાલ ચ - ૦ થી ચ-૨ તરફ જવાના માર્ગ પર આ પ્રમાણે માર્ગો પર ડામરના આધારે પેઈન્ટીંગ કરવામાં આવી રહ્યુ છે. જેથી વરસાદમાં પણ માર્ગોને નુકશાન ન થાય જો કે હવે વરસાદી દિવસો પુર્ણ થવામાં હોવાથી આગામી મહીનાથી શહેરના સેકટરોમાં પણ માર્ગ સુધારણાના કામો હાથ ધરાશે.

### જનની છે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રવેશ કર્યો. આપણી વિવિધતા એ જ આમારી મજબૂત લોકશાહીની ઓળખ છે. એક એવો દેશ કે જેમાં ડઝનેક ભાષાઓ, સેંકડો બોલીઓ, રહેવાની જુદી જુદી આદતો, ખાણી-પીણી છે. આ વાઈબ્રન્ટ લોકશાહીનું ઉદાહરણ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ યૂએનજીએમાં કહ્યું કે, સેવા પરમો ધર્મ: ના અંતર્ગત ભારત વેક્સીનેશન કરી રહ્યું છે. ભારતે દુનિયાની પ્રથમ ડીએનએ આધારીત વેક્સીનનું નિર્માણ કર્યું છે. સાથે જ ફરીથી વેક્સીન એક્સપોર્ટ પણ શરૂ કર્યું છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે, દુનિયાની સામે કટ્ટરવાદનો ખતરો વધી રહ્યો છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ, પ્રગતિવાદી વિચારને આગળ વધારવું જરૂરી બની ગયું છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વધુમાં કહ્યું- કોરોના મહામારીએ દુનિયાને શીખવાડ્યું છે કે, વૈશ્વિક અર્થવ્યવસ્થાને વધુ વિવિધતાપૂર્ણ બનાવવામાં આવે. તેથી વૈશ્વિક મુલ્ય શ્રૃંખલાઓનો વિસ્તાર ખુબજ મહત્વપૂર્ણ છે. અમારું આત્મનિર્ભર ભારત અભિયાન આ ભાવનાથી પ્રેરિત છે. સ્વતંત્રતાના ૭૫ વર્ષના અવસર પર ભારત ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલા ૭૫ ઉપગ્રહોને અંતરિક્ષમાં લોન્ચ કરવા જઈ રહ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આતંકવાદના મુદ્દા પર પ્રહાર કર્યો છે.

તેમણે કહ્યું કે, આ સુનિશ્ચિત કરવું ઘણું જરૂરી છે કે, અફઘાનિસ્તાનના વિસ્તારનો ઉપયોગ આતંકવાદ ફેલાવવા અને આતંકવાદી ગતિવિધિઓ માટે ના થાય. સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં પાકિસ્તાનનું નામ લીધા વગર પીએમ મોદીએ તીખો પ્રહાર કરતા કહ્યું- તેમને સ્પષ્ટ શબ્દોમાં કહેજો જેઓ આતંકવાદનો ઉપયોગ કરી રહ્યા છે, તેમના માટે પણ ખતરો બની રહ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૬ માં સત્રને સંબોધિત કરતા કહ્યું- આપણા મહાસાગરો પણ આપણી સામાન્ય ધરોહર છે, તેથી આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે આપણે સમુદ્રી સંસાધનોનો ઉપયોગ કરીએ તેનો દુરુપયોગ નહીં.

આપણા સમુદ્ર પણ આંતરરાષ્ટ્રીય વેપારની જીવાદોરી છે. આપણે તેમને વિસ્તરણ અને બાકાતની દોડમાંથી બચાવવાના છે. તે જ સમયે, તેમણે કહ્યું, જો સંયુક્ત રાષ્ટ્રએ પોતાને સંબંધિત રાખવું હોય, તો તેણે તેની અસરકારકતામાં સુધારો કરવો પડશે, તેની વિશ્વસનીયતામાં વધારો કરવો પડશે.

યુએન પર આજે ઘણા પ્રકારના પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. તમને જણાવી દઈએ કે, વર્ષ ૨૦૧૪ માં પીએમ નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ૩૩ મિનિટ ૪૫ સેકન્ડનું સંબોધન કર્યુ હતું. ત્યારે વર્ષ ૨૦૧૫ માં પ્રધાનમંત્રી મોદીએ ૧૯ મિનિટ ૧૩ સેકન્ડ સુધી ભાષણ આપ્યું હતું. વર્ષ ૨૦૧૯ માં પીએમ મોદીએ ૧૬ મિનિટ ૩૮ સેકન્ડ સુધી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાને સંબોધિત કરી હતી. વર્ષ ૨૦૨૦ માં પીએમ મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ૨૧ મિનિટ સુધી વર્ચ્યુઅલ માધ્યમથી ભાષણ આપ્યું હતું.

### એક કલાક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. બંને નેતાઓ વચ્ચે વાતચીત દરમિયાન બોન્ડિંગ જોવા મળ્યુ હતુ.

પીએમ મોદીની આ વ્હાઈટ હાઉસની ત્રીજી મુલાકાત છે. પીએમ બન્યા બાદ તેઓ પહેલી વખત ૨૦૧૪માં અમેરિકાની મુલાકાતે ગયા ત્યારે બરાક ઓબામા પ્રમુખ હતા. તેમના માનમાં યોજાયેલા ભોજન સમારોહના યજમાન જો બાઈડન હતા પણ તે વખતે નવરાત્રીનુ વ્રત હોવાથી પીએમ મોદીએ ભોજન નહોતુ કર્યુ ત્યારે તેના પર બાઈડેને તે વખત પણ મજાક કરી હતી.

### ભંગારવાડે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રુલ્સ ફોર રેકોજિનેશન, રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ ઓફ ઓટોમેટેડ ટેસ્ટિંગ સ્ટેશન્સ અનુસાર જૂના વાહનોના ફિટનેસ ટેસ્ટિંગ માટે ઓટોમેટેડ ટેસ્ટિંગ સેન્ટર સ્થાપવામાં આવશે. જેમાં વાહનોની ફિટનેસ ટેસ્ટ યાંત્રિક સાધનો દ્વારા કરવામાં આવશે.

કોમર્શિયલ વાહનોએ ૮ વર્ષ સુધી દર ૨ વર્ષે ફિટનેસ ટેસ્ટ કરાવવો પડે છે. ૮ વર્ષથી જૂનાં કોમર્શિયલ વાહનોનો દર વર્ષે ફિટનેસ ટેસ્ટ કરવામાં આવે છે. જયારે પર્સનલ વાહનોનો ૧૫ વર્ષ પછી રજિસ્ટ્રેશન રિન્યુઅલ સમયે ફિટનેસ ટેસ્ટ કરવામાં આવે છે. જે બાદ દર પાંચ વર્ષે આ કારને ફિટનેસ ટેસ્ટમાંથી પસાર થવું પડે છે.



અમદાવાદનો પરિવાર ગાંધીનગર આવી વિવિધ કલાત્મક ચીજવસ્તુઓનો વ્યાપાર કરી રહ્યો છે. વિવિધ પ્રકારના પ્રાણીઓ અને ગ્લાસ ડેકોરેટીવ્ઝ આઈટમોનું વેચાણ આ પરિવાર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## સરકારી વિજ્ઞાન કોલેજને એનએસએસ એકમ પુરસ્કાર

ગાંધીનગર, તા. ૨૫

એન.એસ.એસ. એકમ દ્વારા કરાયેલ શ્રેષ્ઠ કામગીરી બદલ સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરને રાષ્ટ્રીય એવોર્ડ પ્રાપ્ત થયો છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં આ એવોર્ડ અર્પણ કરાયો હતો.

એન.એસ.એસ. વિભાગ, યુવા કાર્યક્રમ એવમ ખેલ મંત્રાલય, ભારત સરકાર દ્વારા સુષ્મા સ્વરાજ ભવન ન્યુ દિલ્હી ખાતે એન.એસ.એસ. રાષ્ટ્રીય પુરુસ્કાર ૨૦૧૯-૨૦ સમારંભ યોજાયો. આ સમારંભ રાષ્ટ્રપતિ રામનાથ કોવિદજીની વર્ચ્યુલ ઉપસ્થીતીમાં યોજાયો. જેમાં કેબિનેટ મંત્રી અનુરાગ ઠાકુર, રાજયકક્ષાના મંત્રી નિશીથ પ્રમાણિક, વિભાગનાં સેક્રેટરી ઉષા શર્મા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને એન.એસ.એસ. યુનિટ કેટેગરીમાં સમગ્ર ભારતમાંથી કુલ દસ (૧૦) એવોર્ડ એનાયત કરવામાં આવ્યા જેમાં ગાંધીનગરમાં આવેલી સરકારી વિજ્ઞાન કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડૉ. ઉમેશ. પી. તરપદાને રાષ્ટ્રપતિ મહોદયના વરદ હસ્તે (વર્ચ્યુલ માધ્યમ મારફતે) એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસરની કેટેગરીનો રાષ્ટ્રીય પુરસ્કાર-૨૦૧૯-૨૦ પ્રાપ્ત થયો. સાથે સાથે આ કોલેજને એન.એસ.એસ. એકમનો પુરુસ્કાર પ્રાપ્ત થયો જે કોલેજના આચાર્ય એમ. જી. ભટ્ટ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. ડૉ. તરપદાને આ એવોર્ડ કોલેજના આચાર્ય ડૉ. મહેન્દ્ર ભટ્ટના માર્ગદર્શન હેઠળ વર્ષ-૨૦૧૭-૧૮ થી વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન કોલેજનાં એન.એસ.એસ. એકમ દ્વારા વૃક્ષારોપણ, રકતદાન, મતદાન જાગૃત્તિ, સ્વચ્છતા અભિયાન, ગરીબ બાળકોને શિક્ષણ, રોડ સેફટી, ડીઝીટલ લિટરસી, યોગા કેમ્પ, પર્યાવરણ સંરક્ષણ, સોર ઉર્જા જાગૃતિ, સરકારી યોજનાનું માર્ગદર્શન, અંધશ્રધ્ધા નિવારણ, ઉંફ/છીંઢજી જાગૃતિ, થેલેસેમીયા પરીક્ષણ કેમ્પ, પોલીયો રસીકરણ કાર્યક્રમ, સર્વ રોગ નિદાન કેમ્પ વગેરે જેવી ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ મળેલ. સરાકારી વિજ્ઞાન કોલેજ એ રાજ્યની પ્રથમ સરકારી વિજ્ઞાન કોલેજ છે કે જેમને આ પુરુસ્કાર પ્રાપ્ત થયો છે.

સમગ્ર કોલેજ પરિવાર દ્વારા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. તરપદા તથા ડો. એમ. જી. ભટ્ટને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧